ગાંધીનગરમાં માતૃભાષા દિવસની ભવ્યાતીભવ્ય અને દિવ્ય ઉજવણી

કલ્ચરલ ફોરમ દ્વારા માતૃભાષા મહિમાગાન કાર્યક્રમમાં ગુજરાતી ભાષાના ૨૧ શિરમોર સર્જકોએ ૨૧ વિદ્યાદ્યામોમાં ૧૦ હજારથી વધુ બાળકો સાથે ગોષ્ઠી કરી

ગાંધીનગર, તા. ૨૧

વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી અન્વયે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આજે શહેરની ૨૧ શાળાઓમાં માતૃભાષાનો મહિમા વર્ણવતા અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એક જ સમયે નગરના વિદ્યામંદિરોમાં ૨૧ શિરોમોર સાહિત્યકારોએ ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ સાથે માતૃભાષા સંદર્ભે ગોષ્ઠી કરી ગુજરાતીભાષાનો મહિમા વર્ણવ્યો હતો. ઉગતી પેઢીમાં માતૃભાષા પ્રત્યે આદર, પ્રેમ માન અને ગૌરવ જળવાય તેવા ઉમદા આશય સાથે નગરના આંગણે માતૃભાષા દિનની ઉજવણી અભિનવ અભિગમ સાથે કરવામાં આવી હતી.

● આપણને જે આવડે છે તે પણ ભૂલવા તૈયાર થયા છીએ : તુષાર શુકલ

સે. ૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ શાળા ખાતે માતૃભાષા દિનની ઉજવણી અન્વયે યોજાયેલા વક્તવ્ય દરમિયાન કવિ તુષાર શુકલએ જણાવ્યું હતું કે વિશ્વમાં માતૃભાષા ખોવાઈ ગઈ હોવાની ચિંતા બધા ઠેકાણે છે. ગુજરાતમાં પણ માતા-પિતાના આગ્રહના કારણે બાળકો ગુજરાતી ન ભૂલે તે અનિવાર્ય બન્યું છે ત્યારે આપણને જે આવડે છે તે પણ ભૂલવા તૈયાર થયા છીએ. કારણ કે આપણને તેનું ગૌરવ નથી. માતૃભાષા મીઠી, મધુર અને અમૂલ્ય છે. ગુજરાતીના ગુજરાતમાં પણ મર્યાદા છે. તેમણે જણાવ્યું હતું કે આજનો સમય કોમ્યુનિકેશનનો છે. મારો મેસેજ એવી સરળ રીતે આપી શકુ જેથી સમજી શકાય ડોલર સામે રૂપિયો તળે સરખો થાય પણ અંગ્રેજી સાથે ગુજરાતીભાષા સસ્તી ન થવી જોઈએ. માતૃભાષા શીરા જેવી છે. ચાવ્યા વગર ગળે ઉતરી જાય છે. વર્ગખંડના શિક્ષકો પણ માતૃભાષાનો આદર કરે તે જરૂરી છે. બાળક પણ તેની આસપાસ સંભળાય અને બોલાય તેની કોપી કરે છે. ગુજરાતી તો સૌથી પહેલા પરિચય કવિ પ્રેમચંદે કરાવ્યો હતો. બાળક જેમાં વિચારે તેમાં જ બોલે તો બધુ મૌલિક થઈ જાય તેમણે વિદ્યાર્થીઓને એક ડાયરીમાં રોજ પાંચ ગુજરાતી વાક્યો લખવા પણ જણાવ્યું હતું. માતૃભાષા સાથે દોસ્તી બાંધી તેનું ગૌરવ વધારવા પણ કહ્યું હતું.

આ તબક્કે તેજલબેન બૂચ, સેન્ટ ઝેવિયર્સ શાળાના ફાયર હેકટર, કલ્ચરલ ફોરમના પ્રતિનિધિ હરેશ ભટ્ટ, મહેન્દ્ર ભાવસાર પણ ઉપસ્થિત રહ્યા હતા. ફોરમના પ્રતિનિધિ એમ.કે. પટેલ તેમજ હરેશ ભટ્ટે પણ ભણ્યા વગર મા પાસેથી શીખવા મળતી માતૃભાષા આવડતી હોત તો દુનિયાની કોઈપણ ભાષા છ મહીનામાં શીખી શકાય તેમ જણાવ્યું હતું.

● માતૃભાષા માટે દરેક નાગરિકને ગૌરવ હોવું જોઈએ : તેજસ મજમુદાર

સરગાસણ સ્થિત ઈન્ફોસીટી શાળામાં પણ માતૃભાષા દિનની ઉજવણી દરમિયાન કવિ તેજસ મજમુદારે જણાવ્યું હતું કે આપણે માતૃભાષામાં ભણીએ છીએ બોલીએ છીએ તેનું ગૌરવ હોવું જોઈએ. આ તબક્કે તેમણે કવિઓની ગુજરાતી પંક્તિઓ રજૂ કરી હતી. માતૃભાષાનું ગૌરવ વધારવા યુનેસ્કો દ્વારા સમગ્ર વિશ્વમાં ૨૧ ફેબ્રુઆરીને માતૃભાષા દિન તરીકે ઉજવવાનું નક્કી કરાયું તે અંગે પણ ખ્યાલ આપ્યો હતો. આ પ્રસંગે કલ્ચરલ ફોરમના પ્રતિનિધિ બિપિનભાઈ રાવલ, સંસ્થાના પ્રમુખ શ્રી વૈષ્ણવ, મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા તેમજ એમ.એમ. પંડ્યાએ પણ માતૃભાષા અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

● માતૃભાષા મજબૂત ન હોય તેનું ભાવિ નબળુ : ડો. કમલેશ જોષીપુરા

સે. ૨૩ સ્થિત શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં માતૃભાષાનો મહીમા વર્ણવતા ડૉ. કમલેશ જોષીપુરાએ જણાવ્યું હતું કે જેટલું મહત્વ માતાનું છે તેટલું જ મહત્વ માતૃભાષાનું છે. તેમણે જણાવ્યું હતું કે જેની માતૃભાષા મજબૂત નથી તેનું ભાવિ મજબૂત નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જે માતૃભાષા ભૂલી જાય તેને વિશ્વની એકપણ ભાષા શીખવાનો અધિકાર નથી. આ પ્રસંગે શાળાના કેમ્પસ ડાયરેક્ટર સોમભાઈ પટેલ, આચાર્ય બી.કે. પટેલ તેમજ કુ. ચેતના બૂચે હાજરી આપી હતી.

● માતૃભાષાની માધુર્ય અભિવ્યક્તિ વ્યક્તિત્વનો એક ભાગ : રાજેન્દ્ર શુકલ

સે. ૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં પણ માતૃભાષા દિનની ઉજવણી અન્વયે લબ્ધપ્રતિષ્ઠીત કવિ રાજેન્દ્ર શુકલએ માતૃભાષાનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે માતૃભાષાનું મહત્વ તેનું માધુર્ય અને સુંદર અભિવ્યક્તિ એ વ્યક્તિત્વનો જ એક ભાગ હોવાથી સારા મને નવા શબ્દોનું ભંડોળ વધે તે અંગે તેમણે ભાર મુક્યો હતો. બાળકો સાથે સરળ અને સહજ રીતે ગોષ્ઠી કરતા તેમણે જણાવ્યું હતું કે એ,બી,સી,ડી, શીખો ભલે પણ ક, ખ, ગ ભૂલશો નહીં. તેમણે વિદ્યાર્થીઓને પોતાના મનમાં આવતા વિચારો અને કલ્પના કર્યા વગર વ્યક્ત કરવા અને મુંઝવણ વિના લખવા જણાવ્યું હતું. માતૃભાષાનું મહત્વ અને મઝા તેમણે રમત દ્વારા સમજાવી હતી. તેમણે માતૃભાષાને પણ માતા જેટલુ મહત્વ આપી વ્હાલ કરવા જણાવ્યું હતું.

આ તબક્કે કલ્ચરલ ફોરમના મંત્રી પ્રકાશ લાલા, પ્રતિનિધિ મમતાબેન રાવલ તેમજ કાર્મેલના સિસ્ટર રેણુકા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ માટે કવિતા લેખનનો વર્કશોપ યોજવાની પણ તૈયારી દર્શાવી હતી.

● ગુજરાતી વહેવારની ભાષા છે તહેવારની ભાષા જુદી હોઈ શકે : ચિનુ મોદી

જે પ્રદેશમાં રહીએ ત્યાંની ભાષા એ જ માતૃભાષા આપણે જ્યાં વસતા હોઈએ ત્યાની ભાષા આપણને આવડવી જોઈએ. આપણને જે ભાષામાં સ્વપ્ના આવે તે આપણી માતૃભાષા. માતૃભાષા એટલે દૂધની ભાષા. ગુજરાતી એ આપણી વહેવારની ભાષા છે. બીજી તહેવારની ભાષા અલગ હોઈ શકે. ખ્યાતનામ કવિ શ્રી ચિનુ મોદીએ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી અન્વયે વેદ ઈન્ટરનેશનલ શાળામાં પોતાના વક્તવ્ય દરમિયાન આમ કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે રાહુલ ગાંધીની માતૃભાષા કઈ કહેવાય ? આમ જોઈએ તો ઈટાલીયન ભાષા તેમની માતૃભાષા કહેવી જોઈએ. પરંતુ માં ની ભાષા જ દર વખતે માતૃભાષા હોય એવું ન પણ બને. તેમના પિતાની ભાષા હિન્દી તેમની પિતૃભાષા હોઈ શકે. પશુ-પંખી પાસે ક્યાં ભાષા છે. મોર ટહુકો કરે છે ત્યાં જ વરસાદને ખબર પડી જાય છે કે હવે મારે વરસવાનું છે. તેમણે જણાવ્યું હતું કે માણસ જંગલમાં રહે તો ત્યાં સુધી તેને કોઈ જરૂર નો'તી પરંતુ ચાર પગે ચાલવાના બદલે બે હાથ આપ્યા ત્યારથી મુશ્કેલી શરૂ થઈ ત્યારથી સંસ્કૃતિ શરૂ થઈ. જુદા જુદા દેશો અંગે અને ભાષાઓ આવી. આ વેળાએ શાળાના ટ્રસ્ટી બાબુભાઈ પટેલ, ચતુરભાઈ પટેલ, ગુજરાતીના શિક્ષણ શ્રુતિબેન દાણી, કલ્ચરલ ફોરમના અગ્રણી કમલ કીશોર જૈન, હીરેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

● મનની લાગણીઓને ઢાળ આપવાની વાચા એટલે માતૃભાષા : ભાગ્યેશ જહા

ઉમા-આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજમાં કવિ શ્રી ભાગ્યેશ જહાએ માતૃભાષા અંગેના પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આપણને આપણી માતાનુ ગૌરવ, માન, આદર હોય તેમજ આપણને આપણી માતૃભાષાનું ગૌરવ હોવું જોઈએ. માતૃભાષા એટલે પોતાના મનની લાગણીઓને ઢાળ આપવાની વાચા, દિલના ઉંડાણથી નિકળતી ભાષા પ્રત્યેક બાળકને ગુજરાતી અને સંસ્કૃત ભાષાઓ માત્ર આવડતી જ ન હોવી જોઈએ. પરંતુ તેને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમણે ભાષાની સમૃદ્ધિનું જતન અને સંવનન કરવા પર ભાર મુક્યો હતો. સાથે કવિતાઓ પણ રજૂ કરી હતી. આ તબક્કે કોલેજના આચાર્ય ડૉ. અમૃતાબેન પટેલ, કલ્ચરલ ફોરમના ડૉ. મહેન્દ્ર ગજજર, ડૉ. હીનાબેન મહેતા તેમજ ડૉ. પ્રણવ જોષીપુરા ઉપસ્થિત રહ્યા હતા.

● માતૃભાષાના મુલ્યની વાત વિદ્યાર્થીઓને સમજાવી

સે. ૨૩ સ્થિત સ્વામિનારાયણ હાઈસ્કૂલમાં સાહિત્યકાર વી.એમ. ગઢવીએ વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષાના મુલ્યની વાત સમજાવી માતૃભાષા થકી વિકાસ કરવાની વાત પર ભાર મુક્યો હતો. આ દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને સાહિત્ય અંગેના પ્રશ્નો પુછી ગોષ્ઠી કરી હતી. ગાંધીજી તેમજ અબ્દુલ કલામે પણ પોતાનું પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં મેળવ્યું હોવાનું જણાવી તેમણે માતૃભાષાનું મહત્વ સમજાવ્યું હતું. આ તબક્કે શાળાના આચાર્ય ઉમંગભાઈ વસાણી, પૂ. રામસ્વામી, નરેન્દ્રભાઈ જોષી, પી.એમ. મગરવાડીયા તેમજ કલ્ચરલ ફોરમના જયરાજસિંહ સરવૈયા ઉપસ્થિત રહ્યા હતા.

● ગુજરાતી-સંસ્કૃત ભાષા અંગ્રેજીમાં શીખવી પડે તે કમનસીબી : માધવ રામાનુજ

પરદેશમાં વતનની ભાષા સાંભળવાની માનવી અને પ્રાણીને પણ હોંશ હોય છે.ગુજરાતી અને સંસ્કૃતભાષા અંગ્રેજીમાં ભણવી પડે તે આપણી કમનસીબી કહેવાય. માતૃભાષા દિનની ઉજવણી દરમિયાન ચૌધરી મહિલા કોલેજમાં સાહિત્યકાર માધવ રામાનુજે આમ કહ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આપણને માતૃભાષા માટે માન હોવું જોઈએ. તેમણે અંગ્રેજી લેખકની વાર્તાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે વતનની ભાષા ગાંડા હાથીને પણ શાંત કરી શકે છે. આજે કોઈ મા-બાપ પાસે ક્યાય નથી કે બાળકને અંગ્રેજી માધ્યમમાં ભણવા કેમ મુકે છે. બીજી ભાષાનો અનાદર કર્યા વગર પણ આપણી ભાષાને માન આપી શકાય. જેણે સૌ પ્રથમ વખત માતૃભાષા શબ્દનો પ્રયોગ કર્યો હશે તેને સલામ.

● ૯૦ ટકા નોબલ પારિતોષિક વિજેતા માતૃભાષામાં ભણ્યા હતા : રમેશ તન્ના

કુડાસણ સ્થિત સ્કૂલ ઓફ એચિવરમાં કવિ રમેશ તન્નાએ જણાવ્યું હતું કે ભાષા લાખો વર્ષના પ્રયત્નોને અંતે વિકસાવેલી પદ્ધતિ છે. ભાષાથી વિચારો મળે છે અને વિકાસ થાય છે. નોબલ પારિતોષિક વિજેતામાંથી ૯૦ટકા માતૃભાષામાં ભણેલા હતા. વ્યક્તિત્વ અને અસ્તિત્વની તાકાત ભાષામાં છે. માતૃભાષાનો જેટલો મહિમા કરીએ તેટલો ઓછો છે. અંગ્રેજી ભાષા ચાંપલી વાચાળ, મનમોહક નખરાળી છે. પણ માતૃભાષા માટે ગૌરવ અને પ્રેમ હોવો જોઈએ. આજની પેઢીની વાતચીતમાં અંગ્રેજી મિશ્રિત ગુજરાતી બોલાય છે. જીવન પ્રત્યેનો અભિગમ મહત્વનો છે. રસ્તા જેટલું જ મહત્વ ક્યાં જવું છે તેનું છે. ગુજરાતી છે તો ગુજ ભાષા છે. આ તબક્કે કલ્ચરલ ફોરમના ઉપપ્રમુખ જ્યોતિન્દ્ર વ્યાસ તેમજ નિમેષ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

● ભણ્યા વિના આવડે તે માતૃભાષા : હરિકૃષ્ણ પાઠક

વિશ્વ માતૃભાષા દિનની ઉજવણીના ભાગરૂપે જાણીતા સાહિત્યકાર અને સમર્થ કવિશ્રી હરિકૃષ્ણ પાઠકે ક્રિશ્ના સ્કૂલમાં માતૃભાષાની વિસ્તૃત વિગતો આપી 'ભણ્યા વિના જે આવડે તે માતૃભાષા છે' એમ જણાવ્યું. તથા હાલરડાં અંગે જાણકારી આપી રાવજી પટેલની બે ત્રણ કવિતાનું ગાન કર્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

કલોલમાં ૯૪ ઉદ્યોગગૃહો પાસે વાણિજય વેરાની વસુલાત બાકી છે : નીતિન પટેલ

ગાંધીનગરની એ.આર.ટી.ઓ.ની આવકમાં ૮ માસમાં રૂા. એક કરોડનો વધારો થયો છે

વિધાનસભામાં ગાંધીનગર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર એઆર.ટી.ઓ.ની કચેરીની આવકમાં છેલ્લે ૮ માસમાં જ રૂા. ૧.૦૬ કરોડનો વધારો થયો છે તેમ રાજયના નાણાંમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે આજે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્યશ્રી અશોક પટેલ, શ્રી ભરતસિંહ ડાભી અને શંભુજી ઠાકોરના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

વાહન-વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા નાણાંમંત્રીથી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ૨૦૧૨-૧૩ના નાણાંકીય વર્ષમાં ૩૧-૧૨-૨૦૧૨ને અંતે ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરીની આવક રૂા. ૬૧.૮૫ કરોડ થઈ છે. જે ગત વર્ષની એપ્રિલથી ડિસેમ્બરના આગાળા દરમ્યાન થયેલી આવક કરતાં રૂા. ૧.૦૬ કરોડનો વધારો દર્શાવે છે.

તેમણે પૂરક પ્રશ્નના ઉંમરમાં જણાવ્યું હતું કે, આવકમાં વધારો થયો હોવાથી ઘટાડાને લઈ કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ઉદ્યોગ ગૃહો પાસે બાકી વસુલાત

કલોલ વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાઈને આવેલા કોંગ્રેસના ધારાસભ્ય બળદેવજી ઠાકોર ૩૧-૧૨-૨૦૧૨ની દૃષ્ટિએ કલોલ તાલુકાના ઉદ્યોગ ગૃહો પાસેથી છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન વાણિજ્ય વેરાની કરાયેલી વસુલાત અંગે પૂછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાણાંમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, ત્રણ વર્ષ દરમ્યાન રૂા. ૨.૭૮ કરોડની વસુલાત કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું છે કે કુલ ૯૪ એકમો પાસે ૫૧૪૨.૫૧ ૩૫ લાખ રૂા.ની વસુલાત બાકી છે. આ ઉદ્યોગ ગૃહોમાં ૧૯ જેટલા ઉદ્યોગ ગૃહો પાસેની બાકી વસુલાત દસલાખ કરતાં પણ વધુની બાકી છે. તેમણે ગૃહમાં રજૂ કરેલી વિગતો મુજબ આ વેરા વસુલાતમાં ઈફ્કો સહિતના ઉદ્યોગ ગૃહોનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

સાબરમતી જેલ સુરંગ મામલે વિપક્ષે કરેલો આજે સભાત્યાગ

વિધાનસભા ગૃહમાં કોંગ્રેસ દ્વારા ભારે ઉહાપોહ : ધારાસભ્યોની ઉચ્ચસ્તરીય સમિતિ બનાવી તપાસ કરવાની ઉગ્ર માંગ નહિ સ્વીકારતા વિરોધપક્ષના આકમક તેવર : સરકાર ઉપર આકરા પ્રહારો કરાયા

ગાંધીનગર, તા.૨૧

સમગ્ર દેશમાં ભારે હાહાકાર જગાવનાર સાબરમતી જેલ સુરંગ પ્રકરણની તપાસ માટે માત્ર અધિકારીઓની જ નહિ પરંતુ રાજકીય પક્ષોના ત્રણ ધારાસભ્યોની ઉચ્ચસ્તરીય સમિતિ રચવાની માંગ સાથે કોંગ્રેસ પક્ષે આજે વિધાનસભા ગૃહમાં ભારે ઉહાપોહ કર્યો હતો. પરંતુ ગૃહ રાજ્યમંત્રી દ્વારા વિપક્ષની માંગનો સ્વીકાર કરવામાં નહિ આવતાં વિપક્ષના સભ્યોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. વિધાનસભા બજેટ સત્રના આજે બીજા દિવસે કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે એક તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરતી નોટિસ રજુ કરી તાજેતરમાં સાબરમતી જેલમાં સજા ભોગવી રહેલા ખૂંખાર ગુનેગારો દ્વારા જેલમાંથી ભાગી જવા માટે ઘણી મોટી સુરંગ ખોદવાની ગંભીર ઘટનાનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો અને સુરંગ ખોદવાની આ ઘટનાને ધ્યાનમાં જરૂરી સાધનો અને સગવડો પણ જેલમાંથી જ ઉપલબ્ધ થયા હોવાની શંકા વ્યક્ત કરી હતી. આ ઉપરાંત આ સંદર્ભમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે લોકોમાં ફેલાયેલી અજંપાભરી સ્થિતિ નિવારવા સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાં વિશે રાજ્ય સભાની સ્પષ્ટતા માંગી હતી. એટલું જ નહીં પરંતુ શૈલેષ પરમારે ધારાસભ્યોની ઉચ્ચસ્તરીય તપાસ સમિતિ નિમવા સરકાર કાર્યવાહી કરશે કે કેમ તે જાણવા પ્રશ્ન પુછ્યો હતો. ગૃહ રાજ્યમંત્રી રજની પટેલે કોંગ્રેસના ધારાસભ્યોની ઉચ્ચસ્તરીય તપાસની માંગનો ઈન્કાર કરતાં જણાવ્યું હતું કે, જ્યારે ત્રણ અધિકારિઓની તપાસ સમિતિ નીમવામાં આવી છે ત્યારે ધારાસભ્યોની સમિતિ નીમવાનો પ્રશ્ન રહેતો નથી અને આ માત્ર ધારાસભ્યનું સુચન છે. ગૃહ રાજ્યમંત્રીના આ જવાબથી કોંગ્રેસના ધારાસભ્યોને સંતોષ નહિ થતાં ધારાસભ્યોએ ભારે ઉહાપોહ કર્યો હતો અને એવો વળતો જવાબ આપ્યો હતો કે, આ અમારું સુચન નહીં પરંતુ અમારી માંગણી છે. અને આ મુદ્દે ભારે ઉહાપોહ કર્યો હતો. વિધાનસભા ગૃહના અધ્યક્ષ વજુભાઈ વાળાએ આ સમગ્ર મામલાને થાળે પાડવા દરમિયાનગીરી કરી હતી અને એમ જણાવ્યું હતું કે, જ્યારે ગૃહ રાજયમંત્રી ધારાસભ્યોની ઉચ્ચસ્તરીય તપાસ સમિતિની માંગણી સ્વીકારવા તૈયાર નથી ત્યારે વિધાનસભા તેમને ફરજ પાડી શકે

● અનુસંધાન પાન-૭ પર

સિવિલ હોસ્પિટલમાં સારવાર કરનાર તબીબે હવે કેસ પેપરમાં સિક્કા મારવા પડશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હવે દર્દીને તપાસ્યા બાદ તપાસણી કરનાર તબીબે કેસ પેપરમાં તેમના નામ અને રજીસ્ટ્રેશન નંબર સાથેનો સિક્કો મારવાનો રહેશે એટલું જ નહિ દર્દીએ પુનઃ ક્યારે બતાવવા આવવાનું તેની તારીખ પણ અલગથી દર્શાવવાની રહેશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલે નેશનલ એક્રેડીટેશન ઓફ હેલ્થ સર્વિસીઝ માટેનું પ્રમાણપત્ર રિન્યુ કરવા કરેલી અરજીના સંદર્ભમાં હવે આ નવો ફેરફાર દર્દીના કેસ પેપરમાં કરવામાં આવ્યોછે. સિવિલ હોસ્પિટલના તમામ તબીબોએ હવે તેમના આ માટેના સિક્કા પણ તૈયાર કરી લીધા છે અને આ નવી પ્રથાનું અમલીકરણ પણ સરૂ કરી દેવામાં આવ્યું છે.

સિવિલ સત્તાવાળાઓ દ્વારા આ નવા અભિગમના અમલીકરણની સાથે સાથે ગુણવત્તાસભર સેવાઓ આપવાનો પણ મહત્વનો નિર્ણય કરેલ છે.

અત્યાર સુધી દર્દીના કેસ પેપરમાં દવાઓ અને દર્દીની વિગતો દર્શાવવામાં આવતી હતી. નવા કેસ પેપરમાં કઈ દવા કેટલા મિ.ગ્રા.ની આપી છે તેનો પણ ઉલ્લેખ કરવાનો રહેશે. આ ઉપરાંત ઈન્ડોર પેશન્ટ માટેના કેસ પેપરમાં પણ કેટલાક આનુસંગિક મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું એન.એ.બી.એચ. ઈન્સ્પેકશન થઈ ગયું છે. પરંતુ કેટલીક કચેરીઓ જે હતી તેની ચકાસણી તેમજ કેટલીક ક્ષતિઓ જે જણાઈ હતી તે દુરસ્ત થઈ કે નહિ તેને લઈ એક ટીમ પુનઃ શનિવારે સિવિલની મુલાકાતે આવી રહી છે જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧,૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com